◆◆◆◆

**<u>એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા માટેની પ્રક્રિયા</u>**

- **એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા માટે ઉમેદવારે ભારત સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવેલ પોર્ટલ (http://apprenticeshipindia.org) પર રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. રજીસ્ટ્રેશન અર્થે ઉમેદવાર e-mail એકાઉન્ટ ધરાવતો હોવો જરૂરી છે.**

- **એપ્રેન્ટીસશીપ રજીસ્ટ્રેશન**
  - http://apprenticeshipindia.org ઓપન કરો.
  - Register > Candidate પર કલીક કરો. જરૂરી વિગતો ભરીને સબમીટ કરવું.
  - સબમીટ કર્યા બાદ રજીસ્ટ્રેશન નંબર જનરેટ થશે. જે નોંધી લેવો.

- **E-mail એકાઉન્ટ ચેક કરો.**
  - રજીસ્ટ્રેશન ફોર્મ "Submit" કલીક કર્યા બાદ આપના e-mail માં Inbox ચેક કરો.
  - **Apprenticeship India** પોર્ટલ દ્વારા મોકલવામાં આવેલ "User Verification" તરીકે આવેલ "Activate" બટન અથવા "Activation Link" પર કલીક કરો.
  - "Activate" પર કલીક કરવાની સાથે જ પોર્ટલનું "Login Page" ઓપન થશે.
  - જેમાં User Id (email id) અને Password નાંખીને લોગીન કરો.

- <u>Login</u> કરવું.
  - લોગીન કર્યા બાદ <u>Complete Your Profile</u> પર કલીક કરો.
  - ત્યારબાદ <u>About Me</u> માં Date of Birth, Id Proof Type, Candidate Signature Image તથા Profile Image ની ફાઈલ અપલોડ કરી ને <u>Basic Details</u> અપડેટ કરો.
  - ત્યારબાદ Contact Details, Education, Preference તથા Aadhaar Card Verification માટેની જરૂરી વિગતો ભરવી.
  - ત્યારબાદ <u>Apprenticeship Oppoutunities</u> પર કલીક કરવું.
  - Search Course માં જાહેરાતમાં દર્શાવેલ ટ્રેડમાંથી ટ્રેડ ભરવો તથા Search Location માં Surat ભરવું.
  - **<u>Oppoutunities</u> ના લીસ્ટમાંથી SURAT MUNICIPAL CORPORATION ની સામે <u>Apply</u> કરવાનું રહેશે.**
  - Apply કર્યા બાદ <u>https://suratmunicipal.gov.in/Recruitment</u> ઉપર ઓનલાઈન ફોર્મ ભરીને તે ડાઉનલોડ કરીને તેની A4 સાઈઝ પેપર પર પ્રિન્ટ લઈને તેની સાથે પાસપોર્ટ સાઈઝ ફોટો તથા જરૂરી આધાર પુરાવા / પ્રમાણપત્રો જોડીને જે તે ટ્રેડ માટે અરજી ફોર્મ જમા કરવાનું રહેશે.

◆◆◆◆

## <u>સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસશીપ માટે અરજી કરવા માટેની સામાન્ય સુચનાઓ તથા Online અરજી કરવા માટેની પધ્ધતિ</u>

આ એપ્રેન્ટીસશીપની જાહેરાત અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા **Online** અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે તા.૨૨/૦૭/૨૦૧૯, ૧૧.૦૦ કલાક થી તા.૩૧/૦૭/૨૦૧૯, ૧૩.૦૦ કલાક સુધીમાં https://suratmunicipal.gov.in/Recruitment લીન્ક ઉપર જઈ જે તે ટ્રેડ માટે ઓનલાઈન અરજી પત્રક ભરવાનું રહેશે. ઉમેદવારે **Online** અરજી કરવા માટે નીચે મુજબનાં **Steps** અનુસરવાનાં રહેશે.

(૧) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં પહેલા http://apprenticeshipindia.org કેન્દ્ર સરકારનાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર ઓનલાઈન અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૨) ત્યારબાદ ઉમેદવારે https://suratmunicipal.gov.in/Information/Recruitment લીન્ક ઉપર જવું.

(૩) જે તે ટ્રેડની સામે Apply Now પર Click કરવું. આ પ્રમાણે Click કરવાથી Job Application Form ખુલશે. જેમાં પ્રથમ Application Details દેખાશે અને નીચે Application Information દેખાશે.

(૪) Application Format માં સૌપ્રથમ ઉમેદવારે Apprentice Registration No. દર્શાવવો, ત્યારબાદ Personal Details ભરવી, જેમાં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.

(૫) ઉમેદવાર ફોર્મ ભર્યા બાદ વિગતો ફરી Update કરી શકશે નહિ.

(૬) ત્યારબાદ Enter Text નાં બોક્ષમાં સામે જનરેટ થયેલ કોડ નાંખવાનો રહેશે.

(૭) Enter Text નાંખ્યા પછી નીચે જણાવેલ કબુલાતનામુ માં Tick Mark ( √ ) કરવાની રહેશે.

(૮) ઉકત તમામ **Steps** પુર્ણ થયા બાદ Submit બટન ઉપર Click કરવાનું રહેશે.

(૯) Submit ઉપર Click કર્યાબાદ Application Verification Window દેખાશે, અને આપે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર One Time Password (OTP) જનરેટ થશે, આ પાસવર્ડ નાંખ્યા બાદ Print Application Window ઓપન થશે, જેમાં Application details has been saved successfully દેખાશે અને તેની નીચે આપનો Application Number જનરેટ થયેલ દેખાશે, જે તમારે સાચવી રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતનાં સંદર્ભમાં કોઈપણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે. આ Application Number નીચે જણાવેલ Print option Click કરવાથી તમારી વિગતો સહિતની અરજી પત્રકની પ્રિન્ટ કાઢી શકાશે. **<u>Print માટે Pop-up block "Off" રાખવું.</u>**

(૧૦) **પ્રિન્ટ કરેલ અરજી ફોર્મ, એપ્રેન્ટીસ પ્રોફાઈલ તથા ફોર્મ ભર્યાની પહોંચ** જરૂરી બિડાણો સહિત નિર્ધારીત તારીખે અને સમયે અરજી સ્વીકારવાના સ્થળે લઈને રૂબરૂ આવવાનું રહેશે.